


પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''
R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-50 ■ તા. 06-12-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# કોરોના રસીનો ડોઝ લીધા બાદ હરિયાણાના સ્વાસ્થ્ય મંત્રી અસ્વસ્થ..!!

## મંત્રીની સાથે ૨૦૦ વોલેન્ટિયર્સને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો, કંપનીનો દાવો રસી ૯૦ ટકા અસરકારક થશે

ચંડીગઢ,તા.૫

કોરોનાની વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલ માટે વોલેન્ટિયર બનનારા હરિયાણાના ગૃહમંત્રી અનિલ વિજ કોરોનાથી સંક્રમિત થયા છે. શનિવારે તેમનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વિજે ટ્વીટ કરી આ જાણકારી આપી છે. તેમણે જણાવ્યું કે, તે કોરોના પોઝિટિવ છે અને અંબાલા કેંટની એક સિવિલ હોસ્પિટલમાં દાખલ છે. તેમણે કહ્યું કે, તેમના સંપર્કમાં આવેલા લોકો પોતાનો કોરોના ટેસ્ટ કરાવી લે.

હરિયાણાના મુખ્યમંત્રી મનોહર લાલ ખટ્ટરે વિજ સંક્રમિત થતા દુખ વ્યક્ત કર્યુ છે. તેમણે ટ્વીટ કરીને કહ્યુ, ગૃહમંત્રીજી, તમારા કોરોના સંક્રમિત થવાના સમાચાર મળ્યા. મને વિશ્વાસ છે કે તમે પોતાની દ્રઢશક્તિથી આ બીમારીને જલદી માત આપશો. ઈશ્વરને તમારા જલદી સાજા થવાની પ્રાર્થના



કરુ છું.

મહત્વનું છે કે ૨૦ નવેમ્બરે વિજને કોરોનાની વેક્સિનના ત્રીજા તબક્કાની ટ્રાયલમાં ડોઝ આપવામાં આવ્યો હતો. વિજે ખુદ કોરોના વેક્સિનની ટ્રાયલ માટે વોલેન્ટિયર બનવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. ૨૦ નવેમ્બરે હરિયાણામાં કોવાક્સિનની ત્રીજા તબક્કાની ટ્રાયલ શરૂ થઈ હતી. આ દરમિયાન અનિલ વિજે રસી લગાવી હતી. વિજની સાથે ૨૦૦ વોલેન્ટિયર્સને કોરોના વેક્સિનનો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.

મહત્વનું છે કે ૨૮ દિવસ બાદ વેક્સિનનો બીજો ડોઝ આપવામાં આવશે.

ભારત બાયોટેક કંપની આઈસીએમઆરની સાથે મળીને કોરોનાની વેક્સિન કોવાક્સિનનું નિર્માણ કરી રહી છે. પીજીઆઈ રોહતક દેશના તે ત્રણ સેન્ટરોમાંથી એક છે જયાં ત્રીજા તબક્કાની ટ્રાયલમાં રસી લગાવવામાં આવી રહી છે. ત્રીજા તબક્કામાં ૨૦૦ વૉલિયન્ટર્સને કોરોનાની વેક્સીન આપવામાં આવશે. કંપનીએ દાવો કર્યો કે, આ રસી ૯૦ ટકા અસરકારક થશે.

દેશના ૨૦ રિસર્ચ સેન્ટર કોરોના વેક્સિનની ત્રીજી ટ્રાયલ કરવામાં આવી રહી છે. લગભગ ૨૬ હજાર લોકોને કોરોના વેક્સિન આપવામાં આવશે. આ સેન્ટરમાં પીજીઆઈએમએસ રોહતક પણ સામેલ છે. ભારત બાયોટેક ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ સાથે મળીને આ ટ્રાયલ કરી રહ્યા છે. પહેલા બે તબક્કામાં જે લોકોને કોરોનાની વેક્સિન આપવામાં આવી, તેમાં કોઈ આડ અસર જોવા મળી ન હતી. કોઈ પણ વોલેન્ટિયરના કોરોના સંક્રમિત થવાનો રિપોર્ટ પણ નથી.

## રસી બે ડોઝ બાદ જ પ્રભાવકારી સાબિત થાય છેઃ બાયોટેક

ભારત બાયોટેક તરફથી નિવેદન સામે આવ્યુ છે જેમાં તેમણે આરોગ્ય મંત્રી અનિલ વિજને રસી લગાવવા છતાં કોરોના સંક્રમિત થવાનુ કારણ જણાવ્યુ છે. કોવેક્સીનની ક્લીનિકલ ટ્રાયલ ડોઝ લેનાર હરિયાણાના આરોગ્ય મંત્રીના કોરોના હોવા પર ભારત બાયોટેકે સફાઈ આપીને કહ્યુ કે કોવેક્સિન વેક્સીન ૨ ડોઝ બાદ જ પ્રભાવકારી હોય છે. માનવ શરીરમાં આ કોરોના વાયરસ સામે રસીકરણના ૧૪ દિવસો બાદ અસર દેખાય છે. કોવેક્સિનને બે ડોઝ બાદ અસર દેખાવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. ભારત બાયોટેકે આગળ જણાવ્યુ કે ત્રીજા ફેઝની ટ્રાયલ રેંડમ છે. આમાં શામેલ ૫૦ ટકા લોકોને પ્લાસીબો(દવાના ભ્રમમાં કોઈ સામાન્ય પદાર્થ) અને ૫૦ ટકા લોકોને વેક્સીનનો ડોઝ આપવામાં

## વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને આશા વ્યક્ત કરી

# ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર સુધી ૫૦ કરોડ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવશે

### પ્રથમ તબક્કામાં હેલ્થવર્કર્સ બાદ ફ્રંટ લાઇન પર કામ કરનાર લોકોને આ વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે

જિનિવા,તા.૫

કોરોના મહામારીના પ્રકોપ વચ્ચે વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના આ સમાચાર તમને રાહત આપી શકે છે. ડબલ્યુએચઓએ આશા વ્યક્ત કરી છે કે ૨૦૨૧ના પ્રથમ ક્વાર્ટર સુધી ૫૦ કરોડ લોકોને વેક્સિનના ડોઝ આપવામાં આવશે. સંગઠને શુક્રવારે વેક્સિન વિતરણના રોડમેપ જારી કરતા કહ્યુ કે, કોવેક્સ કાર્યક્રમમાં સામેલ ૧૮૯ દેશોમાં રસીના સમાન વિતરણને નક્કી કરવાનો પ્રયાસ કરવામાં આવશે.




વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કહ્યુ કે, વેક્સિન વિતરણના પ્રારંભિક તબક્કામાં વધુ જોખમ વાળા ક્ષેત્રને પ્રાથમિકતા આપવામાં આવી છે.

પ્રથમ તબક્કામાં હેલ્થવર્કર્સ બાદ ફ્રંટ લાઈન પર કામ કરનાર લોકોને આ વેક્સિન ઉપલબ્ધ કરાવવામાં આવશે. આ બંન્ને ગ્રુપને વેક્સિન આપ્યા બાદ સીનિયર સીટિઝનને નક્કી કરવામાં આવશે.

ડબ્લ્યૂએચઓનું કહેવું છે કે પ્રથમ તબક્કામાં વિશ્વના આશરે ૨૦ ટકા લોકોને વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય છે. ડબલ્યુએચઓના મુખ્ય વૈજ્ઞાનિક ડો. સૌમ્યા સ્વામીનાથનનું કહેવું છે કે કોરોના વાયરસના હાઈ ઝોનમાં રહેતા ૨૦ ટકા લોકો પર તેમની પ્રથમ નજર છે. તેમાં સ્વાસ્થ્ય કર્મી અને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો સામેલ છે. મહત્વનું છે કે દુનિયામાં કોરોના મહામારીના ઉપચારમાં લાગેલા લાખો કર્મચારી પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. બીજુ કોરોના વાયરસથી વધુ મૃત્યુ વૃદ્ધ લોકોના થઈ રહ્યાં છે. ખાસ કરીને ૬૦ વર્ષથી ઉપરની ઉંમરના લોકો પર કોરોના વાયરસનો વધુ પ્રકોપ રહ્યો છે. તેનું મોટું કારણ તેની નબળી ઈમ્યુન સિસ્ટમ છે.

વૈજ્ઞાનિકે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધી આશરે બે અબજ લોકોને કોરોના વેક્સિનના ડોઝ ઉપલબ્ધ કરાવવાનું લક્ષ્ય રાખ્યું છે. તેમણે કહ્યું કે, આ ડોઝ કોરોના મહામારીના પ્રસારને રોકવામાં પર્યાપ્ત હશે.

તેમણે કહ્યું કે, ૨૦૨૧ના અંત સુધીમાં મહામારી પર કાબુ મેળવી લેવાશે. તેનાથી મોતના આંકડામાં પણ ઘટાડો થશે.

## કચ્છમાં ગાંધીધામના આકાશમાં કેટલાક દિવસોથી દેખાતા ઉલ્કા જેવા પ્રકાશપુંજથી

ગાંધીધામ,તા.૫

છેલ્લા કેટલાક દિવસોથી ગાંધીધામના આકાશમાં સવારે કે સાંજે ધીમી ગતિ આગળ ધપતો ઉલ્કાપિંડ જેવો પ્રકાશપુંજ જોવા મળી રહ્યો છે, એને લઈને લોકોમાં જાતભાતની ચર્ચાઓએ છેલ્લા કેટલાક દિવસોથી જોર પકડ્યું હતું, ખરેખર તો ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સના રૂટ બદલાતાં કચ્છના રહેણાક વિસ્તારોની ઉપરથી પસાર થતાં આ દશ્યો દેખાતાં હોવાનું કચ્છ એસ્ટ્રોનોમી કલબના સ્થાપક નરેન્દ્રભાઈ ગોરએ જણાવ્યું હતું. ગાંધીધામના યુવાન મનીષ શર્માએ કહ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી વહેલી સવારે અથવા સાંજના સમયે એક તરફથી પૂંછડી સાથે આગળ વધતા આકાશી પદાર્થને જુએ છે, જે દશ્યો શહેરના ઘણા લોકો જોઇને કુતૂહલ પામી રહ્યા છે, જે ઉલ્કાપિંડ કે ઉલ્કાવર્ષા હોવાથી લઈને યુએફઓ, જેટ હોવાની ચર્ચાઓ છેડાઈ છે.

આ વિષયના અભ્યાસુ સ્ટાર ગેઝિંગ ઈન્ડિયા સાથે જોડાયેલા અને એસ્ટ્રોનોમી કલબ શરૂ કરનારા નરેન્દ્રભાઈએ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું છેલ્લા એક મહિનાથી કચ્છના વિવિધ વિસ્તારોથી આ પ્રકારનાં દશ્યો લોકો જોઈને કુતૂહલ પામી રહ્યા છે. થોડા સમય અગાઉ ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ કે જે ગલ્ફના દેશોથી મુંબઈ કે સિંગાપોર જતી હોય, એના રૂટમાં ફેરફાર કરાયો છે, જે હવે જિલ્લાનાં શહેરો ઉપરથી જાય છે એ છે.

હાલ શિયાળાની ઠંડી ઋતુ હોવાને કારણે એનાથી ઉત્પન થતા ગેસને છોડાતા કણો પાછળ વિખેરાઈ જાય છે, એના પર સવાર કે સાંજના સમયે સૂર્યનાં કિરણો પડતાં કે ઓરેન્જ કે સફેદ જેવો ચળકાટ દેખાય છે, જેથી તે ઉલ્કા જેવું હોવાનું પ્રતીત થાય છે. અહીં નોંધવું રહ્યું કે થોડા સમય અગાઉ આંતરરાષ્ટ્રીય ઉડ્ડાણોના રૂટને બદલાવવામાં આવ્યા હોવાના અહેવાલ બહાર આવ્યા હતા, જે અંગે જાણકારોએ જણાવ્યું હતું કે અગાઉ રણ વિસ્તારની ઉપરથી ઊડતાં વિમાનો હવે શહેરી વિસ્તાર ઉપરથી ઊડતાં આ પ્રકારનાં દશ્યો જોવા મળ્યાં છે.

## દેશમાં અત્યાર સુધી ૧૪ કરોડથી વધુ કોરોના ટેસ્ટ કરાયા

# કોરોનાના કુલ કેસ ૯૬,૦૦,૦૦૦ને પારઃ મૃત્યુઆંક ૧.૩૯ લાખે પહોંચ્યો

### દેશમાં કોરોનાની તપાસનો આંકડો પણ વધ્યો છે.

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં કોરોનાની સ્થિતિમાં ધીરે-ધીરે સુધાર થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૩૬ હજાર નવા કેસ સામે આવ્યા છે. આમ દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૯૬ લાખને પાર પહોંચી ગઈ છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના તાજા આંકડા પ્રમાણે, દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૬,૬૫૨ કેસ સામે આવ્યા છે.



આ દરમિયાન ૫૧૨ લોકોના મૃત્યુ થયા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશમાં અત્યાર સુધી કોરોનાના ૯૬ લાખ ૮ હજાર ૨૧૧ કેસ સામે આવી ચુક્યા છે. દેશમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. ભારતમાં અત્યાર સુધી કોરોનાને ૯૦ લાખ ૫૮ હજાર ૮૨૨ લોકો માત આપી ચુક્યા છે. દેશમાં કોરોના કેસની સક્રિયતામાં પણ સતત ઘટાડો થઈ રહ્યો છે. દેશમાં કોરોનાના હાલ ૪ લાખ ૯ હજાર ૬૮૯ એક્ટિવ કેસ છે. ભારતમાં કોરોનાથી અત્યાર સુધી ૧ લાખ ૩૯ હજાર ૭૦૦ લોકોના મૃત્યુ થયા છે.

દેશમાં કોરોનાના રિકવરી રેટમાં સતત સુધારો થઈ રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં કોરોનાથી ૪૨,૫૩૩ લોકો સાજા થયા છે. તેનાથી રિકવરી રેટ ૯૪.૨૮ ટકા થઈ ગયો છે.

ભારતમાં કોરોનાના એક્ટિવ કેસ ઘટી રહ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના ૬૩૯૩ એક્ટિવ કેસ ઓછા થયા છે. તેનાથી એક્ટિવ કેસનો દર ૪.૨૬ ટકા થઈ ગયો છે. ભારતમાં કોરોનાથી મૃત્યુદર ૧.૪૫ ટકા છે.

દેશમાં કોરોનાની તપાસનો આંકડો પણ વધ્યો છે. દેશમાં અત્યાર સુધી ૧૪ કરોડથી વધુ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ તરફથી જારી આંકડા પ્રમાણે દેશમાં શુક્રવાર (૪ ડિસેમ્બર) સુધી ૧૪,૫૮,૮૫,૫૧૨ સેમ્પલોની તપાસ થઈ ચુકી છે, જેમાંથી ૧૧,૫૭,૭૬૩ ટેસ્ટ કાલે થયા છે.

# આર્જેન્ટિના સરકારે ધનવાનો પર કોરોના ટેસ્ટ લાધ્યોઃ સંસદે મંજૂરી આપી

બ્યૂનસ ઓયર્સ,તા.૫


સમગ્ર વિશ્વમાં કોરોના વાયરસની મહામારીએ હાહાકાર મચાવ્યો છે અને લાખો લોકોના મોત નિપજ્યા છે. આવી પરિસ્થિતિમાં આ મહામારીને રોકવા માટે લેવાયેલા પગલાંઓ પાછળના ખર્ચને પહોંચી વળવા આ દેશની સરકારે ધનવાનો પર કોરોના ટેક્સ લાદવાનો નિર્ણય લીધો છે.

અમે વાત કરી રહ્યા છે, આર્જેન્ટિનાની. આર્જેન્ટિનાની સરકારે કોરોનાવાયરસની મહામારીને રોકવા માટે લેવાયેલા પગલાંઓ માટે નાણાંકીય ભંડોળ એક્ત્ર કરવા ધનવાન વ્યક્તિઓ પર ટેક્સ લાધ્યો છે. આર્જેન્ટિના સરકારના આ નિર્ણયથી ત્યાંના ૧૨ હજાર ધનવાન વ્યક્તિઓ પ્રભાવિત થશે. આર્જેન્ટિનાની સંસદે આ ટેક્સને મંજૂરી પણ આપી દીધી છે. આ ટેક્સની પ્રાપ્ત થનાર રકમનો ઉપયોગ કોરોના વાયરસ વિરુદ્ધની લડાઈ માટે કરવામાં આવશે. તેમા મેડિકલ સપ્લાય અને તથા ગરીબો અને નાના વેપારીઓને આપવામાં આવેલ રાહત શામેલ છે.

આર્જેન્ટિના સરકારના આ નવા કાયદા હેઠળ એવા લોકોએ કરવેરો ચૂકવવો પડશે જેમની જાહેર કરેલ સંપત્તિ ૨૦ કરોડ પૈસોથી વધારે છે. આવા લોકોએ દેશમાં રહેલી તેમની સંપત્તિ પર ૩.૫ ટકા અને વિદેશમાં રહેલી સંપત્તિ પર ૫.૨૫ ટકા કરવેરો ચૂકવવો પડશે. આ મિલિયોનર ટેક્સથી પ્રાપ્ત થનાર રકમમાંથી ૨૦ ટકા મેડિકલ સપ્લાયની માટે ખર્ચાશે. તો ૨૦ ટકા નાના અને મધ્યમકદના વેપારીઓને-ઉદ્યોગોને સહાય પેટે આપવામાં આવશે. તો ૧૫ ટકા રકમ સામાજીક વિકાસ પાછળ ખર્ચવામાં આવશે, ૨૦ ટકા રકમ વિદ્યાર્થીઓને સ્કોલરશિપ આપવા અને ૨૫ ટકા રકમ નેચરલ ગેસ વેન્ચર્સમાં રોકાણ માટે વપરાશે. આર્જેન્ટિના સરકારના આ નિર્ણય ૧૨,૦૦૦ જેટલા ધનાઢ્યોએ વધારે ટેક્સ ચૂકવવો પડશે.

આ ટેક્સથી સંબંધિત ખરડા પર સેનેટમાં થયેલ ચર્ચાને યુટ્યુબ પર લાઈવ પ્રસારિત કરવામાં આવી છે. લાંબા સમય સુધી ચાલેલ ઉગ્ર ચર્ચા બાદ ૪૨ સાંસદોએ ટેક્સ લાદવાના પક્ષમાં જ્યારે ૨૬એ વિરોધમાં મત આપ્યો હતો. તેનાથી રાષ્ટ્રપતિ અલ્બર્ટો ફર્નાન્ડીઝની સરકારે આ મિલિયોનર ટેક્સથી ૩૦૦ અબજ પૈસો (૩.૭૫ અબજ ડોલર) એક્ત્ર થવાની અપેક્ષા છે. ચેમ્બર ઓફ ડેપ્યુટીઝે પહેલાથી આ ખરડાને ૧૧૫ની સામે ૧૩૩ વોટથી મંજૂરી આપી દીધી છે.

# ભારત-કેનેડાના સબંધો વણસ્યા, વિદેશ મંત્રી જયશંકરનો કેનેડા પ્રવાસ રદ



ન્યુ દિલ્હી,તા.૫

ખેડૂત આંદોલનના કારણે ભારત અને કેનેડા વચ્ચે રાજનાયિક તણાવ વધી રહ્યો છે.

વિદેશ મંત્રી એસ જયશંકરના એક નિર્ણય બાદ હવે સંકટ વધવાના અણસાર છે. વિદેશ મંત્રીએ એ રણનીતિક મીટિંગાં ભાગ ન લેવાનો નિર્ણય કર્યો છે જે કોવિડ-૧૯ સાથે જોડાયેલી છે અને જેની આગેવાની કેનેડા કરી રહ્યુ છે. તમને જણાવી દઈએ કે ભારત કેનેડિયન પીએમ જસ્ટિન ટ્રુડોની એ ટિપ્પણીથી ખાસ્સા નારાજ છે જે ખેડૂત આંદોલન સાથે જોડાયેલી છે.

સૂત્રો તરફથી જણાવવામાં આવ્યુ છે કે ભારતે કેનેડાને એ વાતની માહિતી આપી દીધી છે કે જયશંકર ૭ ડિસેમ્બરે યોજાનાર મીટિંગમાં શામેલ નહિ થાય. ભારતે જયશંકરના નિર્ણયની પાછળ શિડ્યિલિંગ ઈશ્યુઝને જવાબદાર ગણાવ્યા. વિદેશ મંત્રાલયના સૂત્રો મુજબ કેનેડાની સરકારને જણાવવામાં આવ્યુ છે કે જયશંકર ૭ ડિસેમ્બરની મીટિંગમાં શામેલ થવા માટે હાજર નહિ થાય જેનુ આયોજન કેનેડિયન વિદેશ મંત્રી ફ્રેકોઈસ ફિલીપી શેંપેન તરફથી કરવામાં આવી રહ્યુ છે. જયશંકરે આ પહેલા ગયા મહિને થયેલી મિનિસ્ટ્રીયલ કો-ઑર્ડિનેશન ગ્રુપ ઑફ કોવિડ-૧૯૦ (એમસીજીસી)ની વર્ચ્યુઅલ મીટિંગમાં ભાગ લીધો હતો.

આનુ આયોજન કેનેડાના વિદેશ મંત્રી તરફથી જ થયુ હતુ. ત્યારે જયશંકર તરફથી એક ફોટો ટ્વિટ કરીને લખવામાં આવ્યુ હતુ કે કોવિડ-૧૯ના પડકારોને દૂર કરવા માટે યોજાનાર મીટિંગમાં ભાગ લઈને તેને ખુશી થઈ. ભારતના વિદેશ મંત્રીએ મીટિંગ માટે પોતાના કેનેડિયન સમકક્ષનો આભાર પણ માન્યો હતો.

## અમે સદા માનવ અધિકાર માટે અવાજ ઊઠાવીશું

# ભારતનો વિરોધ છતાં કેનેડાએ ખેડૂત આંદોલન અંગે નિવેદન આપ્યું

**કેનેડામાં આમ પણ શીખો અને પંજાબીઓની વસતિ વધુ છે એટલે જસ્ટિન ટ્રુડો એક કાંકરે બે પક્ષી મારી રહ્યા છે.**

ન્યુ દિલ્હી,તા.૫

ભારતે કરેલા વિરોધની પરવા કર્યા વિના કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ ફરી એકવાર ભારતમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન અંગે અભિપ્રાય ઉચ્ચાર્યો હતો. ટ્રુડોએ કહ્યું કે અમે સદા માનવ અધિકારો માટે લડતા રહીશું અને અવાજ ઊઠાવતા રહીશું.

હજુ તો ચોવીસ કલાક પહેલાં ભારતના વિદેશ ખાતાએ દિલ્હી ખાતેના કેનેડિયન રાજદૂતને બોલાવીને જસ્ટિન ટ્રુડોએ બે ત્રણ દિવસ પહેલા ખેડૂત આંદોલન વિશે કરેલા વિધાનનો વિરોધ કરતો પત્ર આપ્યો હતો. આમ છતાં ફરી એકવાર ટ્રુડોએ ખેડૂત આંદોલન અંગે નિવેદન કર્યું હતું.

વિદેશ ખાતાએ કહ્યું હતું કે આ અમારો (ભારતનો ) આંતરિક મામલો છે. એમાં દખલ નહીં કરવી જોઈએ. આમ કરવાનું ચાલુ રહેશે તો ભારત અને કેનેડા વચ્ચેના મૈત્રી સંબંધોને ગંભીર નુકસાન થઇ શકે છે.

ટ્રુડોએ શુક્રવારે ફરી એકવાર એવું વિધાન કર્યું હતું કે દુનિયાભરમાં જ્યાં પણ શાંતિપૂર્ણ દેખાવો થતા હશે એને અમે સદૈવ સાથ આપીશું. તનાવ ઘટાડવા માટે ભારત સરકારે લીધેલા પગલાથી અમે ખુશ છીએ.

અત્રે ફરી એ યાદ કરવા જેવું છે કે ૧૯૮૦ના દાયકામાં પંજાબમાં ફૂલેલા ફાલેલાલ ખાલિસ્તાનવાદી આતંકવાદી નેતાઓ પોતાની ધરપકડ અને પોતાની સામેના કાનૂની પગલાં નિવારવા કેનેડામાં જઈ વસ્યા છે. કેનેડામાં આમ પણ શીખો અને પંજાબીઓની વસતિ વધુ છે એટલે જસ્ટિન ટ્રુડો એક કાંકરે બે પક્ષી મારી રહ્યા છે. એક તરફ ખેડૂતોના સાથી હોવાનો દાખડો કરે છે અને બીજી બાજુ કેનેડાની પોતાની વોટ બેંકને સુરક્ષિત રાખે છે.

## તંત્રી લેખ

# દેશની નજર કોરોના રસી અને ખેડૂત આંદોલન પર....શક્યતાઓ ધુંધળી....?!

દેશભરના લોકોની નજર કોરોના કેસોની સંખ્યા અને મૃતાક પર તેમજ દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત આંદોલન ઉપર મંડાયેલી છે. ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા ૩૬,૫૯૪ કેસ નોંધાયા છે અને ૫૪૦ મૃત્યુ નોંધાયા છે. દેશમાં કોરોના કેસોનો કુલ આંક ૯૫,૭૧,૫૫૯ પહોંચી ગયો છે અને મૃતાક "૧,૩૯,૧૮૮ ઉપર પહોંચી ગયો છે. તાજેતરમાં કોરોના મારક રસી સફળ થવા પર પહોંચી ચુકી છે. તેમા પણ વિવિધ ત્રણ કંપનીઓ દ્વારા વેક્સિન ઉત્પાદન થનાર છે તેના પ્લાન્ટોની વડાપ્રધાન મોદીજીએ મુલાકાત લીધી. પરંતુ રસી બાબતમા કોઈ જ જાહેરાત કરી નહીં કે જેના માટે લોકોમાં મોટી આશા હતી.બીજી તરફ રશિયાએ બનાવેલ રસી સ્પુટનિક-૫ પોતાની પ્રજાને આપવાનું શરૂ કરી દીધું. જ્યારે કે બ્રિટને ફાઈનલ રસીને માન્યતા આપી દીધી અને લોકોને આપવાનું શરૂઆત કરી દીધી જેમ દાવો કરવામાં આવ્યો છે કે આ રહી ૯૫ ટકા સફળ થઈ છે. બીજી તરફ અમેરિકામાં કોરોના કેસોમા સતત વધારો થઈ રહ્યો છે અને લોસ એન્જેલસમા લોકડાઉન લાગુ કરવામાં આવ્યું છે જેના કારણે ભારતના હીરા ઉધોગને ફટકો પડ્યો છે. ત્યારે અમેરિકાની મોડર્ના કંપનીએ કોરોના નાથી શકે તેવી રસી તૈયાર કરી હોવાનો દાવો કરી અમેરિકા અને યુરોપના દેશોને પોતાની એમઆરએનએ-૧૨૭૩ ને માન્યતા આપવા અગાઉ અરજી કરી હતી અને કંપનીએ દાવો કરેલ કે ટ્રાયલમાં ૯૧.૫ ટકા સફળતા મળી છે, કોઈ આડઅસર કે અન્ય લક્ષણો દેખાયા ન હતા, જ્યારે ગંભીર કેસમાં આ રસીને ૧૦૦ ટકા સફળતા મળી છે. કદાચ અમેરિકામાં મોડર્નાની રસી ડિસેમ્બરમાં મળતી થઈ જશે. મતલબ ફાઈઝર અને સ્ઈદ્રછ-૧૨૭૩ રસી વિશ્વભરની સૌ પ્રથમ કોરોના વેક્સિન બની રહેશે. જ્યારે કે ભારતમાં બનેલ રસી સફળતાના દોરમાં છે એટલે કોઈ કંપનીએ ૧૦૦ ટકા સફળતાનો દાવો કર્યો નથી.... પરિણામે ભારત વિશ્વગુરુ બનવામાં પાછળ રહી ગયુ છે......! અને આ સમયે દેશભરમાં દરેક લોકોને રસી આપવામાં આવશે તેવી અગાઉ વડાપ્રધાન મોદીજીએ રાષ્ટ્રજોગ પ્રવચનમાં જાહેરાત કરી હતી જેનો છેદ ખુદની સરકારના આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે એવું કહીને ઉડાડી દીધો છે કે કેન્દ્ર સરકારે કદી પણ એવું નથી કહ્યું કે દેશના દરેક લોકોને રસી આપવામાં આવશે. દેશભરના લોકોને કોરોના રસી આપવાની વાત સરકારે કદી કરી નથી. રાજેશ ભૂષણની આ કોમેન્ટ પછી સોશિયલ મીડિયા પર મોદીજીના ઓક્ટોબર ૨૦૨૦ ના રાષ્ટ્રજોગ કરેલા પ્રવચનનો અને ૨૯ ઓક્ટોબરે અંગ્રેજી અખબારને આપેલા ઈન્ટરવ્યૂના વીડિયો વાયરલ થવા લાગ્યા જેમાં મોદીજી આખા દેશને રસી અપાશે તેવું કહ્યું જ્યારે કે નાણા મંત્રી સીતારમને બિહાર ચૂંટણીમાં મોદીજીના નામજોગ કહેલું કે આખા દેશને કોરોના રસી અપાશે તેનો વીડિયો પણ વાયરલ થતાં પ્રજામાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે....! અને લોકોની સવાલી ચર્ચા બની છે કે કોરોના રસી પણ ચૂંટણી ઝૂમલો હતો....? કેન્દ્ર સરકાર ખાતરી આપ્યા પછી કેમ ફરી ગઈ.....? આવા સવાલો પ્રજામાં ફરી વળ્યા છે. લોકો કેન્દ્ર સરકાર પર અવિશ્વાસ વ્યક્ત કરી રહ્યા છે. તો મોદીજીની લોકપ્રિયતાનો ગ્રાફ નીચે ઉતરી ગયો છે....અને તેનું કારણ કેન્દ્રના આરોગ્ય સચિવ રાજેશનું નિવેદન......! દરમિયાન કોરોના સંદર્ભે સર્વપક્ષીય બેઠક મળવાની છે જેમાં રસી બાબતે સવાલ ઊઠી શકે છે.....!

દેશમાં છેલ્લા ૮૯ દિવસથી નવા કૃષિ કાનૂનના વિરોધમાં ખેડૂત આંદોલન ચાલી રહ્યું છે અને કૃષિ કાનુનના વિરોધમાં ૯ જેટલાં રાજ્યોના ખેડૂતોની કુચે દિલ્હી રાજ્યને ભરડો લીધો છે મોટા ભાગના દિલ્હી પ્રવેશ રસ્તાઓ જામ થઈ ગયા છે જેની દિલ્હીમાં મોટી અસર થઈ છે. સરકાર અને ખેડૂત આગેવાનો વચ્ચે બેઠકનો દોર શરૂ થઈ ગયો છે પરંતુ ખેડૂતોની એક સુરથી વાત કરે છે કે નવો કૃષિ કાનુન તત્કાળ લોકસભા બોલાવી રદ કરો અને એમએસપી કાયદો બનાવવાની વાતને વળગી રહેતા સમાધાનનો રસ્તો નીકળ્યો નથી... ફરી શનિવારે ખેડૂત આગેવાનો સાથે બેઠક યોજાવાની છે.... પરંતુ કિસાનોની કૃષિ કાયદો રદ કરવાની માંગ નહીં સ્વીકારાય તો આંદોલન લાંબું ચાલી શકે છે.......! બાકી હતું તો હવે ખેડૂત આંદોલનના ટેકામાં ટ્રાન્સપોર્ટરો હડતાલ પાડવાના છે.પરિણામે દેશભરમાં વિકટ સ્થિતિ ઉભી થઈ શકે છે.....! તો સરકાર ખેડૂત આંદોલન સમેટાઈ જાય તે માટે જોરશોરથી અનેક પ્રયાસો કરી રહી છે.... પરંતુ સમાધાનની શક્યતા ધૂંધળી બની ગઈ છે કારણ ખેડૂતો નવા કૃષિ કાનુન રદ કરવાની માંગ પર અડી પડ્યા છે.....!

# રાજ્યમાં જાન્યુઆરીના અંત સુધીમાં જાહેર થશે સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ



ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના પડઘમ વાગી ગયા છે. રાજ્ય ચૂંટણી પંચ ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકાની ચૂંટણીઓની જાહેરાત જાન્યુઆરી માસના અંત સુધીમાં કરે તેવી શક્યતાઓ લાગી રહી છે. કોંગ્રેસ અને ભાજપ એમ બન્ને પક્ષોએ ચૂંટણીઓ માટેની કવાયત તેજ કરી છે.રાજયમાં પેટાચૂંટણી બાદ ભાજપ અને કોંગ્રેસ એમ બન્ને પક્ષોએ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની તૈયારીઓનો પ્રારંભ કરી દીધો છે. રાજયમાં આગામી દિવસોમાં ૬ મહાનગરપાલિકા, ૩૧ જિલ્લા પંચાયત, ૨૩૧ તાલુકા પંચાયત અને ૫૫ નગરપાલિકા માટેની ચૂંટણીઓ યોજાશે. ભાજપ અને કોંગ્રેસ બન્ને પક્ષોએ સ્થાનિક કક્ષાએ તૈયારીઓ માટે સૂચના આપી દીધી છે.આ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ૬ મહાનગરપાલિકાની ચૂંટણીઓ પણ થવાની છે. આ ૬ મહાનગરપાલિકાની મુદત આગામી ૧૩ ડિસેમ્બર સુધી પૂર્ણ થવાની છે. ભાજપ દ્વારા ૬ મહાનગરપાલિકા માટે કામગીરી કરાઈ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં વર્તમાન જનપ્રતિનિધિઓ પાસેથી ૫ વર્ષ ની કામગીરીનો રિપોર્ટ માંગવામાં આવ્યો છે. નવા સીમાંકન બાદ જાતિગત સમીકરણ આધારે વોર્ડની પરિસ્થિતિ પર વોર્ડ પ્રમુખો પાસે પણ રિપોર્ટ માંગવામાં આવ્યો છે. આગામી સપ્તાહથી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને લઈને ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ઉપર પણ બેઠકોના દોરનો પ્રારંભ થઈ જશે.આમ પણ શહેરી મતદાર હંમેશા ભાજપ સાથે રહ્યો છે. પરંતુ વર્ષ ૨૦૧૭ની ચૂંટણીમાં અમદાવાદ અને રાજકોટ જેવા શહેરોમાં કોંગ્રેસનો જનાધાર વધ્યો હતો. ત્યારે આ શહેરોમાં ચોકસ રણનીતિ સાથે ભાજપ મેદાનમાં ઉતરે તેવું લાગી રહ્યું છે. રાજ્ય ચૂંટણી કમિશનરે પણ ૬ મહાનગરપાલિકાના કલેકટરને પત્ર લખી વર્તમાન પરિસ્થિતિ અંગે ચિતાર માગ્યો છે. ત્યારે એમ લાગી રહ્યું છે કે ચૂંટણી કમિશનર દ્વારા જાન્યુઆરીના અંત સુધીમાં નોટિફિકેશન જાહેર થાય એવી શક્યતા છે.

# રાજ્યમાં પાંચ વર્ષમાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચારની ૪૦,૬૬૦ ફરિયાદ

અમદાવાદ,તા.૫

ગુજરાતમાં એન્ટી-કરપ્શન અને તકેદારી આયોગ જેવી સંસ્થાઓની સતર્કતાને કારણે ભ્રષ્ટાચાર આચરતા અધિકારીઓ અને કર્મચારીઓને પકડવાનો દર વધી રહ્યો છે. આ દર પાંચ વર્ષ પહેલાં ૫૦ ટકા હતો, એ વધીને ૯૬ ટકા થયો હોવાનો દાવો રાજ્યના ગૃહ વિભાગે કર્યો છે. ગૃહ વિભાગના એક અધિકારીએ કહ્યું હતું કે રાજયના એન્ટી-કરપ્શન બ્યુરો દ્વારા ભ્રષ્ટાચારીઓ સામે રોજની બે ફરિયાદમાં પગલાં લેવામાં આવી રહ્યાં છે. એવી જ રીતે તકેદારી આયોગમાં નોંધાયેલી ફરિયાદોમાં પણ ભલામણ પ્રમાણે વિભાગ પગલાં લઇ રહ્યું છે. છેલ્લાં પાંચ વર્ષમાં સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચાર થયો હોવાની ફરિયાદોની સંખ્યા ૪૦,૬૬૦ આવી છે, એન્ટી-કરપ્શન બ્યુરોની જેમ તકેદારી આયોગમાં ફરિયાદોની સંખ્યા વધી રહી છે.તકેદારી આયોગને જે ફરિયાદો મળી હતી એ પૈકી ૩૧૦૦ કસૂરવાર સામે ખાતાકીય કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હતી, જે પૈકી ગૃહ વિભાગે ૮૦૦ જેટલા આક્ષેપિતો સામે અલગ અલગ પ્રકારની શિક્ષાના હુકમો કરવામાં આવ્યા છે. તકેદારી આયોગ દ્વારા કરવામાં આવેલી ભલામણોને આધારે ભ્રષ્ટાચારના કિસ્સા અંગે તપાસ કરી એને સાબિત કરવાનો દર ૨૫ ટકા હતો, એ વધીને ૩૪ ટકા થયો છે. છેલ્લાં ચાર વર્ષમાં સંડોવાયેલા આરોપીની સંખ્યા ૩૭૧ હતી, જે વધીને ૭૨૯ થઇ છે, એટલે કે ભ્રષ્ટાચાર આચરતા આરોપીઓને પકડવાના દરમાં ૯૬ ટકા જેટલો વધારો થયો હોવાનો દાવો કરવામાં આવે છે. તકેદારી આયોગની જેમ સરકારી વિભાગોમાં થઇ રહેલા ભ્રષ્ટાચાર શોધવામાં એન્ટી-કરપ્શન બ્યુરોની પણ મહત્ત્વની ભૂમિકા રહી છે. છેલ્લા વર્ષમાં બ્યુરોએ ૫૦ ટકા આરોપીને સજા કરાવી છે. બ્યુરોએ છેલ્લાં પાંચ વર્ષમાં ૧૫૦૦થી વધુ છટકાં કરી લાંચિયા અધિકારી તેમજ કર્મચારીઓને પકડ્યા છે, જો કે ૪૦૦ કેસમાં આ અધિકારીઓ છટકી ગયા છે. વર્ષ દરમિયાન એવરેજ ૫૦૦થી ૭૦૦ કેસ સામે આવે છે. એસીબીના એક રિપોર્ટ પ્રમાણે, ગુજરાતના ટોપ ફાઇવ ભ્રષ્ટ વિભાગોમાં શહેરી વિકાસ વિભાગ ૧૫૦૦થી વધુ ફરિયાદો સાથે પહેલા નંબર પર આવે છે. બીજા ક્રમે ૧૨૮૦ના આંકડા સાથે પંચાયત વિભાગ, ત્રીજા સ્થાને ૧૧૫૪ સાથે મહેસૂલ, ચોથા નંબરે ૯૨૫ના આંકડા સાથે ગૃહ અને પાંચમા ક્રમાંકે ૧૫૧ સાથે શિક્ષણ વિભાગનો ક્રમ આવે છે. રાજયના ૨૬ વિભાગમાં ભ્રષ્ટાચારની કુલ ૮૨૦૦ જેટલી ફરિયાદો વર્ષ દરમિયાન થઈ છે.

# વડોદરામાં પીપીઈ કીટ પહેરેલી હાલતમાં નર્સનો મૃતદેહ મળી આવતા ચકચાર

વડોદરા,તા.૫

અનેક વખત આત્મહત્યા અને હત્યાના બનાવ સામે આવતા રહે છે. ત્યારે વડોદરામાં ગોત્રી હોસ્પિટલની નર્સની હત્યાની ઘટના સામે આવી છે. વડોદરાનાં ન્યૂ વીઆઈપી રોડ પર રહેતા શિલ્પા પટેલ મૂળ મેન્ટલ હૉસ્પિટલમાં નર્સ તરીકે કામ કરતા હતા. તેઓને હાલ ગોત્રી હૉસ્પિટલમાં કોવિડની ડ્યૂટી આપવામાં આવી હતી. જેથી તેઓ શુક્રવારે સાંજે પોતાના ટુ વ્હિલર પર ગોત્રી હોસ્પિટલ જઈ રહ્યાં હતા. તે દરમિયાન આજવારોડ ખાતે આવેલા વૈકુંઠ-૨ સોસાયટીનાં દરવાજા પાસેથી ૮.૩૦ કલાકે પીપીઈ કીટ પહેરેલી હાલતમાં નર્સની મૃતદેહ મળ્યો હતો. આ મહિલાનો અકસ્માત થયો કે હત્યા થઇ તે અંગે હાલ પોલીસ તપાસ કરી રહી છે.

શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલી મેન્ટલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજ બજાવતા શિલ્પા પટેલ આજવારોડ, કમલાનગર પાસે રહેતા હતા.

થોડા દિવસથી તેમને ગોત્રી કોવિડ હૉસ્પિટલમાં ફરજ સોંપવામાં આવી હતી. શિલ્પાની શુક્રવારે નાઇટ શિફ્ટ હોવાથી તે પોતાના ટુ વ્હિલર પર ગોત્રી હોસ્પિટલ જવા માટે નીકળી હતી. જે બાદ ૮.૩૦ વાગ્યાની આસપાસ કોઈએ પોલીસને જાણ કરી હતી કે, વૈકુંઠ-૨ સોસાયટીના પાછળના દરવાજા પાસે એક મહિલાની લાશ પડી છે. પોલીસે આવીને તપાસ કરતા જાણ થઇ કે, આ લાશ નર્સ શિલ્પા પટેલની છે. જે બાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સિવિલ હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

શિલ્પાના એક્ટિવાને કોઇ વાહનની ટક્કરથી નુકસાન થયુ હોવાનુ જણાઇ આવ્યુ નથી. બીજી તરફ શિલ્પાના શરીર ઉપર પણ અકસ્માતથી થાય તેવા ઈજાના નિશાન નથી પરંતુ તેના ચહેરા ઉપર ફટકા મારવામાં આવ્યા હોય તેવા નિશાન છે એટલે આ બનાવ હત્યાનો હોવાનું જણાઇ રહ્યુ છે.

## સુરતમાં જીમ ટ્રેનરે તાલીમના બહાને અડપલા કરી ધમકી આપી, કરાઈ ધરપકડ

વડોદરા,તા.૫

રાજયમાં છેડતી અને દુષ્કર્મની ઘટનાઓ વધતી જઇ રહી છે. આ વચ્ચે સુરતમાં સગીરા સાથે અડપલા કર્યા હોવાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. સુરતમાં જીમ ટ્રેનરે સગીરા સાથે અડપલા કર્યા હોવોની ઘટના સામે આવી છે. તાલીમના બહાને અડપલા કરી ધમકી આપી હતી. આ મામલે અમરોલી પોલીસે જીમ ટ્રેનરની ધરપકડ કરી છે.

મળતી માહિતી અનુસાર મોટા વરાછા જીમ ટ્રેનરએ ૧૪ વર્ષની કિશોરી સાથે તાલીમના બહાને અડપલાં કર્યા હોવાનો આરોપ લગાવવામાં આવ્યો છે. આ મામલે કઠોરનો ઉમર ફારુખએ કિશોરી સાથે અડપલાં કર્યાનો આરોપ લગાવવામાં આવ્યો છે. તેમજ અડપલાં બાદ કોલ કરી બદનામ કરવાની પણ ધમકી આપી હતી. સમગ્ર મામલે હાલ અમરોલી પોલીસે તપાસ હાથ ધરી છે તેમજ જીમ ટ્રેનરની ધરપકડ કરી છે.

ઉલ્લેખનીય છે કે અનેક વખત દીકરીઓની છેડતી, શારીરિક અડપલા, દુષ્કર્મ જેવી ઘટનાઓ સામે આવતી રહે છે. પરંતુ આ જોતા લાગી રહ્યું છે કે શું રાજયમાં દીકરીઓ સુરક્ષિત નથી? દીકરીઓ ઘરની બહાર એકલી મોકલવી પણ મુશ્કેલ થઇ ગયું છે. જોકે, હવે જોવું રહ્યું કે પોલીસ આ મામલે કેવા પગલાં લેશે અને ક્યારેય દીકરીઓ સુરક્ષિત રીતે બહાર નીકળી શકશે.

### કૃષિ કાયદાના ખેડૂતોના વિરોધ મુદ્દે રાજ્ય કૃષિમંત્રી ફળદુએ તોડ્યું મૌન, કહ્યું-

# ઘણા લોકો બિલનો અભ્યાસ કર્યા વિના વિરોધ કરે છે

ગાંધીનગર,તા.૫

કેન્દ્રના કૃષિ કાયદાનો વિરોધ કરી રહેલા ખેડૂતો દિલ્હી બોર્ડર પર ૧૦ દિવસથી પ્રદર્શન કરી રહ્યાં છે. આજે ખેડૂત અને સરકાર વચ્ચે ૫માં તબક્કાની વાતચીત થવાની છે. ત્યારે સરકાર અને ખેડૂતોની બેઠક અગાઉ પીએમ મોદી અને અમિત શાહ વચ્ચે બેઠક થઈ રહી છે. આ બેઠકમાં રક્ષા મંત્ર રાજનાથ સિંહ અને કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર પણ હાજર છે.

આ વચ્ચે ઠેર-ઠેર કૃષિ કાયદાનો વિરોધ થઇ રહ્યો છે.

અમદાવાદમાં પણ કોંગ્રેસ કાર્યકર્તા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. જયારે હવે ગુજરાતના કૃષિમંત્રી આર.સી.ફળદુએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. કૃષિ કાયદાના ખેડૂતોના વિરોધ મુદ્દે આજે ગુજરાતના કૃષિમંત્રી આર.સી.ફળદુએ જણાવ્યું હતુ કે, કેન્દ્ર સરકાર ૩ કૃષિ કાયદા લાવ્યા છે. જેનો કોંગ્રેસ વિરોધ કરી રહી છે. ઘણા લોકો બિલનો અભ્યાસ કર્યા વિના વિરોધ કરે છે. આ અંગે રાષ્ટ્રપતિને આવેદન પત્ર મોકલવામાં આવ્યા છે. તેમજ નવો કાયદો ખેડૂતોના હિતમાં છે. ઉલ્લેખનીય છે કે ગઇ કાલે કૃષિ કાયદાને લઇને અમદાવાદ ગાંધી આશ્રમ ખાતે કોંગ્રેસ દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો.

૧૯૬૭ના એપીએમસી એક્ટ પ્રમાણે હાલની વ્યવસ્થા ચાલી રહી છે. એપીએમસીમાં લે-વેચનું કામ થાય છે. ભારતમાં મોટા મૂડી રોકાણ આવી રહ્યાં છે. કૃષિ ક્ષેત્રમાં ચીલાચાલુ પદ્ધતિમાંથી ખેડૂતોને બહાર લાવવા જરૂરી છે તો જ દેશનો વિકાસ થશે.

PM મોદી ખેતીમાં સુધાર લાવવા પ્રયાસ કરી રહ્યાં છે અને ગુજરાતમાં સીએમ હતા ત્યારે કૃષિ મહોત્સવનો પ્રારંભ કર્યો છે. કૃષિ મહાવિદ્યાલયોમાં સંશોધનોને પ્રોત્સાહન અપાઇ રહ્યું છે. આપણને સૌને વૈજ્ઞાનિક ઢબે ખેતી કરવી ફાયદાકારક છે.

## ઓક્સિજન સેન્ટર કહી શકાય એવા ફોરેસ્ટ પાર્કનું બોળકદેવમાં નિર્માણ


અમદાવાદ,તા.૫

અમદાવાદના બોડકદેવ વિસ્તારમાં ઓક્સિજન સેન્ટર કહી શકાય એવા ફોરેસ્ટ પાર્કનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં સિમ્ફની કંપની દ્વારા કુદરતના ખોળે હોવાનો અહેસાસ થાય તેવું જંગલ તૈયાર કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે લોકો ચોખ્ખી હવા ખાવા માટે શહેરથી દૂર જાય છે. પરંતુ શહેરમાં જ શુધ્ધ હવા મળી રહે તેવુ આયોજન કરવામાં આવ્યું છે. ફોરેસ્ટ પાર્ક ૧૧ હજાર સ્કેવર મીટરમાં તૈયાર કરાયો છે.જેમાં અલગ અલગ પ્રકારના ૨૫૦ છોડ ઉગાડવામાં આવી રહ્યા છે.

તો આ પાર્કમાં કુલ ૨૦ હજાર વૃક્ષ અને છોડ ઉગાડવામાં આવશે. ૪.૭૭ લાખ લીટરની કેપેસીટી વાળું તળાવ પણ તૈયાર કરવામાં આવ્યું છે.. જેમાં શુદ્ધ પાણી રાખી તેમાં કાચબા અને માછલીઓ પણ રાખવામાં આવી છે. સ્વચ્છતા જળવાઈ રહે તેના માટે ૧૫ કચરા ટોપલી રાખવામાં આવી છે.

## અંતરનાં આયનામાં....
## (લેખાંક - ૩૦)
### વર્ષા જાની

( ગતાંકનું અધૂરું )



ઘણીવાર એવું પણ જોવા મળતું હોય છે કે પથ્થરની બેજાન મૂર્તિની કલાકો સુધી પૂજા કરવામાં આવતી હોય છે. અને સમગ્ર કુટુંબને સ્નેહનાં તાંતણે બાંધી રાખનારી નારીને પરિવારના સભ્યો દ્વારા જ હડધૂત કરવામાં આવતી હોય છે. કે એને અવગણીને અપમાનિત કરવામાં આવતી હોય છે. ઘણીવાર સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન બની બેઠી હોય ! આજના કહેવાતા એકવીસમી સદીના યુગમાં પણ ઘણાં કુટુંબોમાં સાસુ જ વહુની સાથે પરાયા જેવો વ્યવહાર કરતી હોય છે. સામાજિક રીત રિવાજોની રુએ દીકરાને વાજતે ગાજતે ધામધૂમથી પરણાવે. અને પછી દીકરાને કાનમાં ઝેર રેડી રેડીને પુત્રવધૂની વિરુદ્ધ ચડાવે. અને એ દીકરો પણ કેટલો મહા મૂરખ કે બીજાના વિચારોથી દોરવાઈને નોકરી કરતી પત્નીનો બધો જ પગાર ઉપાડીને એનું બેંક બેલેન્સ પૂરું કરી નાંખે ! પોતાના જ ગૃહ સંસારમાં આગ લગાડવાનું કામ કરનારા આવા મહા મૂર્ખ છોકરાઓ પણ આજના યુગમાં જોવા મળે છે. તો ઘણાં કુટુંબમાં ઉપરની વિરુદ્ધ પરિસ્થિતિ જોવા મળતી હોય, દીકરો એટલો બધો વહુ ઘેલો થઈ ગયો હોય કે મા બાપ તો પત્નીની સરખામણીએ સાવ તુચ્છ બની જતાં હોય છે. બૈરી જેટલું પાણી પીવડાવે એટલું જ કરવાનું! પુત્રવધૂ પણ આખરે કોઈની દીકરી છે. એનાં માબાપ સાથે પોતાની ભાભી હીણું વર્તન કરી કાંઈક હેરાનગતિ કરે તો? તો પોતાને જરાય ગમશે? પોતાના માબાપ પ્રત્યે જેટલી અને જેવી લાગણી છે, એવી પતિના માતાપિતા સાથે પણ રાખવાની જ હોય છે. કેમકે પતિ પણ આખરે કોઈનો લાડકવાયો હોય છે ને! એ દીકરાએ પોતાની અર્ધાંગિનીને પ્રેમથી સમજાવીને માબાપ પ્રત્યે લાગણી રાખી ફરજ નિભાવવા કહેવું જોઈએ, પોતાની જિંદગી બનાવનાર માબાપને પોતે કે પત્ની તરછોડે એ કેમ ચાલે? મા બાપ પોતાના બધા જ મોજશોખ સપનાને જીવનનાં કોરાણે મૂકીને, પોતાના સંતાનના મોજશોખને પૂરાં કરવા માટે જીવન હોમી દેતા હોય, ત્યારે દીકરો પરણીને તરત પોતે પત્નીને લઈને જ્યાં નોકરી કરતો હોય તે ગામ જતો રહે, પછી મા બાપને વિસરી પોતાની દુનિયામાં મસ્ત બનીને જીવવા લાગે., માબાપ દીકરાના ઘરે જવા ઝંખતા હોય ત્યારે તરત કહી જ દે કે અમને જરાક સેટલ થવા દો, હમણાં આઠ મહિના, વરસ કોઈ જ નહીં હો!બિચારા માબાપ દીકરાનાં ઘરે જવા કે એનું મોઢું જોવા તરસતા જ રહી જાય, એવું પણ ઘણીવાર બનતું હોય છે.

આમ જુઓ તો આખો દિવસની ઘરની અને બહારની નોકરી કર્યા પછી પણ પતિ સુદ્ધાં લાગણી પ્રેમ ન આપતો હોય ત્યાં પછી નારીની શી દશા થાય?

વળી પાછું એ દીકરીને બીમાર તો પડવાનું જ નહીં ! અરે યન્ત્ર, મશીન હોય એ પણ ક્યારેક ખોટકાઈ જાય, બંધ પડી જાય તો પછી આ તો શરીર છે ! ભઈ, એ પણ ક્યારેક અટકી પણ પડે, પણ.. ઘણાં કુટુંબમાં જો પુત્રવધૂ બીમાર પડી એટલે એના માબાપ પાસેથી દવાના રુપિયા પડાવવામાં આવે ! પોતે રુપિયાવાળા, કરોડોના આસામી હોવા છતાંય ! અરે, ત૧મારામાં ઘરની લક્ષ્મીની સંભાળ કરવાની ત્રેવડ ન હતી તો શું કામ દીકરાના લગ્ન કર્યા? અને એ દીકરો પણ કેટલી હદે નકામો કે એની પાસે કમાતી ધમાતી પોતાની જ જીવન સંગીનીને સુખી રાખવા માટે જવાબદારી ન નિભાવે ! લગ્ન મંડપમાં સપ્તપદીના ડગલાં ભરતી વખતે યજ્ઞવેદીના અગ્નિની સાક્ષીએ લીધેલા વચનોનું પાલનનું શું? પોતે મોંઘી બાઈક કે બંગલો ચણાવવામાં રુપિયા ઉડાડે, જયારે પોતાની અર્ધાંગિનીની દવા કરાવવા માટે જ કંજુસાઈ કરે ! આ ક્યાંનો ન્યાય? આવા લાગણી વિહીન સગપણમાં પછી માત્ર યંત્રવત સંબંધ જ ચાલતા હોય ! ત્યાં પછી પ્રેમ, સ્નેહ રુપી અમૃત વગરનું રસહીન જીવન થઈ જાય ! આવા લાગણી વિહીન જીવનનો શો અર્થ?

વર્ષા જાની
ભાવનગર
૬ ડિસેમ્બર ,૨૦૨૦



**અકસ્માતઃહાલોલ-પાવાગઢ રોડ પર અજાણ્યા વાહનની અડફેટે આવતાં દીપડાને ગંભીર ઈજાઓ પહોંચી**

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001